# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

વંચાણમાં લીધાઃ–

૧ઃ હિસાબી અધિકારી વ હિસાબ નિયામકશ્રી, નકૃયુ,નવસારીની કચેરીનાં પરિપત્ર ક્રમાંકઃનકૃયુ/હિઅહિનિ/બજેટ/ઈઆરપી/૮૪૧૯–૬૮/તા.૨૩.૮.૨૦૧૩.

## <u>પ રિ પ ત્ર</u>

**<u>ખુબ જ જરૂરી</u>**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીનાં વડાઓને તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ નાણાકીય હિસાબો ઓનલાઈન કરવામાં આવેલ છે. તે મુજબ તા.૧.૯.૨૦૧૩ થી તમામ પ્રકારનાં બીલો ઓનલાઈન એપ્રુવલ આપી પાર્સીંગ કરવામાં આવે છે. પરિપત્રમાં જણાવ્યા અનુસાર અગાઉનાં માસનાં એપ્રિલ–૧૩ થી ઓગષ્ટ–૧૩ સુધીનાં આપની કચેરી ધ્વારા ઓનલાઈન કરવામાં આવેલ પગારભથ્થા, રીકરીંગ,નોનરીકરીંગ તેમજ વર્કસ ,તમામ પ્રકારનાં ડિપોઝીટનાં, એડવાન્સીઝનાં ખર્ચની એન્ટ્રીઓને અત્રેથી ઓનલાઈન એપ્રુવલ આપી જે તે માસમાં વાઉચર્સ નંબર , તારીખથી આપની કચેરીનાં જે તે યોજનાકીય હેડે ખર્ચનો હવાલો નાંખી દેવામાં આવેલ છે. જેથી ઓનલાઈન પ્રોગ્રામમાં રીપોર્ટ નંબર–૦૭, ૦૯ YEARLY EXPENDITURE BROADSHEET તેમજ રીપોર્ટ નંબર–૧૦ YEARLY RECEIPT BROADSHEET માં એન.એ.યુ. ફંડ એકાઉન્ટ તેમજ એન.એ.યુ. રીવોલ્વીંગ ફંડ એકાઉન્ટનાં જે તે બજેટહેડ વાઈઝ નિભાવવામાં આવતા માસિક ખર્ચ / આવકની બ્રોડશીટમાં આપની કચેરી ધ્વારા રજુ કરવામાં આવેલ તમામ બીલોનો ખર્ચ પગારભથ્થા, રીકરીંગ, નોનરીકરીંગ, વર્કસ,ડિપોઝીટ / એડવાન્સીઝ પ્રમાણે આવેલ હોવો જરૂરી છે. જેથી આપની કચેરીનાં હિસાબી રેકર્ડ અનુસાર એપ્રિલ–૧૩ થી ડિસેમ્બર–૧૩ સુધીનાં આપની કચેરીનાં જે તે બજેટ હેડ વાઈઝ માસવાર ખર્ચ / આવકનું મેળવણું પગારભથ્થા / રીકરીંગ / નોનરીકરીંગ / વર્કસ,ડિપોઝીટ/એડવાન્સીઝ પ્રમાણે **<u>તા. ૨૪.૧.૨૦૧૪</u>** સુધીમાં કરાવી અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે. ઉકત સમયમર્યાદામાં ઓનલાઈન મેળવણા કરવામાં આવશે નહીં તો જે તે કચેરીનો માહે જાન્યુઆરી–૧૪ માસનાં પગારબીલો ચુકવણાં કરવામાં આવશે નહીં જેની સંપુર્ણ જવાબદારી જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે.

વધુમાં જો કોઈ કચેરીઓની એન.એ.યુ. ફંડ તેમજ એન.એ.યુ. રીવોલ્વીંગ ફંડ એકાઉન્ટની આવકની એન્ટ્રીઓ કરવાની બાકી રહી ગયેલ હોય તો ઓનલાઈન આવકની એન્ટ્રીઓ તાત્કાલિક પુર્ણ કરાવી ચલણ નંબર, તારીખ પ્રમાણે એપ્રુવલ અપાવી લેવાની રહેશે. નવસારી કૃષિ યુનિવર્સિટીનાં હિસાબો ઓનલાઈન કરવામાં આવેલ આપની કચેરીનાં હિસાબી રેકર્ડ તેમજ અત્રેથી

નિભાવવામાં આવતા યુનિવર્સિટી હિસાબો સાથે મેળવણાં થવા ખુબ જ જરૂરી હોય આ બાબતે પુરેપૂરી ચકાસણી કરાવી લેવા વિનંતી છે જેથી પાછળથી સને ૨૦૧૩–૧૪ ના નાણાકીય વર્ષનાં ઓનલાઈન હિસાબોને લગત કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

પ્રસ્તુત પરિપત્ર હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે. જેનો ચુસ્તણે અમલ કરવાનો રહેશે.

Adm-Cum-Accounts Officer
Navsari Agricultural University,
Navsari.

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૩/ઓનલાઈનહિસાબ/૬૮–૫૦ /૧૪
નવસારી. તારીખઃ– ૭.૧.૨૦૧૪

નકલ સવિનય રવાનાઃ

૧ઃ તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ

૨ઃ તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ તરફ જાણ તથા

૩ઃ તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારુ.

૪ઃ હિસાબી અધિકારીશ્રી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ)ની કચેરી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવાલાઈન, સુરત તરફ બજેટહેડ વાઈઝ તેમજ સરકારી બજેટહેડ વાઈઝ પગારભથ્થા, રીકરીંગ, નોનરીકરીંગ, વર્કસ, ડિપોઝીટ/એડવાન્સીઝનાં માસિક આવક / ખર્ચનાં ઓનલાઈન સોફટવેરમાં નીકળતા રીપોર્ટો સાથે જુના સોફટવેટરમાં નિભાવવામાં આવતા હિસાબો સાથે મેળવણા કરાવી લેવા વિનંતી છે. જેથી પાછળથી ઓનલાઈન હિસાબો અંગે પ્રશ્નો ઉભા થાય નહિ.